# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Saturday** **National News**

## આકાશવાણી સમાચાર રિધ્ધી ઉંધાડ વાંચે છે.

************************************************

- ✓ જી-7 સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પર્યાવરણની જાળવણી માટે ભારતમાં થયેલી કામગીરીને વર્ણવી. કાર્બન ઉત્સર્જન પર કાબૂ મેળવવાના ભારતની પ્રતિબધ્ધતાને દોહરાવી
- ✓ પ્રધાનમંત્રી મોદીએ જાપાનના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષિય બેઠક યોજી.. બંને વચ્ચે અમદાવાદ – મુંબઇ વચ્ચેની હાઇ સ્પિડ ટ્રેનના પ્રોજેક્ટની પણ ચર્ચા.
- ✓ કેન્દ્રિય મંત્રી જે પી નડ્ડાએ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા. બેઠક યોજી.. જન આરોગ્ય લક્ષી યોજનાઓને વધુ અસરકારક બનાવવા નિર્દેશ
- ✓ હવામાન વિભાગે ઝારખંડ સહિત ઉત્તર ભારતમાં ગરમીના રેડ એલર્ટની આગાહી... 19મી જૂન સુધીમાં ઉત્તર પૂર્વ ભારતમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના
- ✓ ઇટાલીમાં ચાલી રહેલી ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતના સુમિત નાગલે શાનદાર પ્રદર્શન કરીને સેમિફાઇલનમાં પ્રવેશ કર્યો
- ✓ ટી-20 વિશ્વકપમાં અમેરિકાનો સુપર આઠમાં પ્રવેશ.. ફ્લોરિડામાં ભારતનો આજે કેનેડા સામે મૂકાબલો.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયા, લેટિન અમેરિકા અને ખાસ કરીને આફ્રિકા સાથે સંબંધિત મુદ્દાઓને પ્રાધાન્ય આપવાનું આહ્વાન કર્યું છે. ગઈકાલે ઈટલીમાં જી-7 સમિટમાં તેમણે કહ્યું હતું કે ભારતની અધ્યક્ષતામાં આફ્રિકન યુનિયનને જી-20નું કાયમી સભ્યપદ આપવું એ ભારત માટે સન્માનની વાત છે.

શ્રી મોદીએ કહ્યું કે ભારત વર્ષ 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જનથી સંપૂર્ણ સ્વતંત્રતાના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારતના મિશન લાઇફનો ઉલ્લેખ કરીને, તેમણે લોકોને વિશ્વ પર્યાવરણ દિવસ પર તેમના દ્વારા શરૂ કરાયેલ પ્લાન્ટ ફોર મધર એટલે કે એક પેડ મા કે નામ અભિયાનમાં જોડાવા માટે આહ્વાન કર્યું. શ્રી મોદીએ આ અભિયાનને જન આંદોલન બનાવવા અપીલ કરી હતી.

પ્રધાનમંત્રીએ G-7 જૂથને તેની 50મી વર્ષગાંઠ પર પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે આ સમિટમાં ભાગ લેવો એ તેમના માટે સંતોષની વાત છે. શ્રી મોદીએ કહ્યું કે માનવીય અભિગમ પર આધારિત ટેકનોલોજી જ સફળ થઈ શકે છે. તેમણે જાહેર સેવા વિતરણ માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં ભારતની સફળતા અંગે પણ ચર્ચા કરી હતી.

અગાઉ આ બેઠકના અધ્યક્ષ ઇટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ કહ્યું હતું કે પશ્ચિમને બાકીના વિશ્વથી અલગ પાડતું અર્થઘટન સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું કે વૈશ્વિક પડકારોનો સામનો તમામ દેશો વચ્ચે પરસ્પર સહયોગથી જ શક્ય છે. શ્રીમતી મેલોનીએ કહ્યું કે આઉટરીચ સત્ર વર્તમાન સમયમાં સૌથી વધુ સુસંગત એવા પડકારોની ચર્ચા કરવાનો છે. આમાં યાંત્રિક બુદ્ધિ, ઊર્જા, આફ્રિકા અને ભૂમધ્ય સમુદ્ર સંબંધિત મુદ્દાઓનો સમાવેશ થાય છે.

# PM - JAPAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટાલીના અપુલિયામાં G-7 સમિટ દરમિયાન જાપાનના પ્રધાનમંત્રી ફ્યુમિયો કિશિદા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. શ્રી મોદીએ કહ્યું કે જાપાન સાથેના દ્વિપક્ષીય સંબંધોને તેમના ત્રીજા કાર્યકાળમાં પણ પ્રાથમિકતા મળતી રહેશે.

ભારત અને જાપાન સીમાચિહ્નરૂપ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ અને ભારત-જાપાન ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા ભાગીદારી સહિત ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રો પર સહયોગ કરી રહ્યા છે. બંને પ્રધાનમંત્રી વચ્ચેની બેઠકમાં સહકારના ચાલુ કાર્યોની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

# NADDA HEALTH

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ ગઈકાલે દિલ્હીમાં તેમના મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે નવી સરકારની રચનાના પ્રથમ 100 દિવસમાં લક્ષિત આરોગ્ય લક્ષ્યો હાંસલ કરવા પર એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. શ્રી નડ્ડાએ નિર્દેશ આપ્યો કે આરોગ્ય સુવિધાઓ અને આરોગ્ય પ્રણાલીની ગુણવત્તા પર ભાર મૂકવો જોઈએ. તેમણે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના વિસ્તરણ પર ભાર મૂક્યો હતો.

# SOUTH AFRICA-PRESIDENT

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે સિરિલ રામાફોસા તેમની આફ્રિકન નેશનલ કોંગ્રેસ અને વિરોધ પક્ષો વચ્ચેના ગઠબંધનને કારણે ફરીથી ચૂંટાયા છે.

રામાફોસા જુલિયસ માલેમા સામે જીત્યા હતા, શ્રી રામાફોસાને 400 સભ્યોના ગૃહમાં માલેમાના 44 સામે 283 મત મળ્યા હતા..

ઉલ્લેખનીય છે કે ગયા મહિને થયેલી ચૂંટણીઓમાં, આફ્રિકન નેશનલ કોંગ્રેસનો વોટ શેર ઘટીને 40% થઈ ગયો, જ્યારે ડેમોક્રેટિક એલાયન્સ 22% મતો સાથે બીજા નંબરની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી.. હવે દક્ષિણ આફ્રિકામાં કોઈ પક્ષની બહુમતી નથી. બધા સાથે મળી પ્રથમ રાષ્ટ્રીય ગઠબંધનમાં સાથે મળી શાસન કરશે.

# PREZ - RAJA PARB

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત રાજા પર્વ સમારોહમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજા ગીત અને મયુરભંજ છાઉ નૃત્ય, સંબલપુરી નૃત્ય અને કર્મ નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિ ભવન ખાતે આ પ્રથમ વખત રાજા પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તહેવારે ઉડિયા સંસ્કૃતિ અને જીવનશૈલીની અનોખી ઝલક આપી હતી. રાજા પર્વ ઓડિશાના મુખ્ય તહેવારોમાંનો એક છે. આ ત્રણ દિવસીય કૃષિ મહોત્સવને ચોમાસાની શરૂઆત માનવામાં આવે છે.

# NEPAL-INTERNATIONAL TOURISM EXPO

આંતરરાષ્ટ્રીય બજારમાં નેપાળના પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કાઠમંડુ ખીણમાં શરૂ થયેલા 'નેપાળ આંતરરાષ્ટ્રીય ટુરિઝમ એક્સ્પો'નો આજે છેલ્લો દિવસ છે. ગઈકાલે મેળાનું ઉદઘાટન કરતાં, સંસ્કૃતિ, પર્યટન અને નાગરિક ઉડ્ડયન મંત્રી હિત બહાદુર તમંગે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ મેળો નેપાળના પ્રવાસનને વિશ્વભરમાં પ્રોત્સાહન આપવામાં ફળદાયી સાબિત થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે પ્રવાસન ક્ષેત્રે જોવા મળતી સમસ્યાઓનું નિરાકરણ કરીને આ વર્ષે ઓછામાં ઓછા 1.6 મિલિયન પ્રવાસીઓ લાવવાના સરકારના લક્ષ્યને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા સાથે મંત્રાલય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે

બે દિવસીય મેળામાં ભારત સહિત 16 દેશોમાંથી 155 ઉદ્યોગ સાહસિકો ભાગ લઈ રહ્યા છે. બિહારની રાજ્ય સરકારે પણ વાલ્મિકી ટાઈગર રિઝર્વમાં ગુરુ સર્કિટ, જૈન સર્કિટ, રામાયણ સર્કિટ, બૌદ્ધ સર્કિટ અને ઇકો ટુરિઝમમાં તકો ઝડપી બનાવવા એક્સપોમાં ભાગ લીધો હતો.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# EVE-HAJ-PILGRIMAGE

સાઉદી અરેબિયાનાં મીના શહેરમાં પાંચ દિવસની હજ યાત્રાનો ગઇકાલથી પ્રારંભ થયો છે. વિશ્વભરમાંથી આશરે 20 લાખ શ્રધ્ધાળુઓ આ યાત્રામાં ભાગ લઈ રહ્યા છે, જેમાં ભારતનાં એક લાખ 75 હજાર શ્રધ્ધાળુઓનો સમાવેશ થાય છે. આમાંથી એક લાખ 40 હજાર શ્રધ્ધાળુઓ હજ કમિટી મારફતે અને 35 હજાર શ્રધ્ધાળુઓ હજ સમિતિ મારફતે પહોંચ્યા છે. તેઓ આજે મીના ખાતે રાતવાસો કરશે અને મુખ્ય વિધીમાં ભાગ લેવા આવતી કાલે સવારે અરાફત જવા રવાના થશે.

# IMD WEATHER

ઉત્તર ભારતમાં હજુ પણ તીવ્ર ગરમીનું મોજું યથાવત છે. ભારતીય હવામાન વિભાગે ઝારખંડ, બિહાર અને ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતનાં કેટલાંક ભાગોમાં રેડ એલર્ટ જારી કર્યું છે.

આકાશવાણી સાથેની વિશેષ વાતચીતમાં હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક ડો. સોમા સેને જણાવ્યું કે, આગામી ચાર દિવસ માટે ઉત્તરપ્રદેશમાં ગંભીર હીટ વેવ માટેનું રેડ એલર્ટ અને પંજાબ-હરિયાણામાં હીટ વેવ માટેનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જો કે બિહાર અને ઝારખંડમાં આજે ગરમીમાં ઘટાડો થવાની સંભાવના છે.

હવામાન વિભાગે અગામી ચાર દિવસ સબ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કીમ અને ઉત્તરપૂર્વ ભારતમાં 19 જૂન સુધી છુટાછવાયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

# TENNIS-SUMIT NAGAL

ભારતીય સ્ટાર ખેલાડી સુમિત નાગલે ઇટાલીમાં રમાય રહેલી ટેનિસ મેચમાં મેન્સ સિંગલ્સમાં સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સુમિતે ક્વાર્ટર ફાઇનલમાં પોલેન્ડના ખેલાડિને 6-4, 7-5થી હરાવ્યો હતો. સુમિત 10 દિવસમાં સતત આઠમી મેચ જીતીને શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. આજે સેમિફાઇનલમાં તેનો મુકાબલો સ્પેનના બર્નાબે ઝપાટા મિરાલેસ સામે થશે.

ફ્રેન્ચ ઓપન અને હેઇલબ્રોન ચેલેન્જરમાં તેના શાનદાર પ્રદર્શન બાદ નાગલ વિશ્વ રેન્કિંગમાં 77માં સ્થાને પહોંચી ગયો છે. તેણે તેના સિંગલ્સ રેન્કિંગના આધારે પેરિસ ઓલિમ્પિક ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું છે.

# T20 WORLD CUP

ICC મેન્સ T20 ક્રિકેટમાં, ગઈકાલે લોડરહિલમાં રમાવા જઈ રહેલી મેચમાં વરસાદ વિઘ્ન બનતા અમેરીકા અને આયર્લેન્ડ વચ્ચેની મેચ રદ કરવામાં આવી હતી..મેચ રદ થતા અમેરીકા સુપર આઠ તબક્કામાં આગળ વધ્યું હતું. આ પ્રથમ વખત છે જ્યારે અમેરીકા તેમના ક્રિકેટ ઇતિહાસમાં આ તબક્કે પહોંચ્યું હોય...

આજે ફ્લોરિડામાં ભારત અને કેનેડા વચ્ચે મુકાબલો થશે. ભારતની આ છેલ્લી ગ્રુપ સ્ટેજની મેચ હશે.. મેચ રાત્રે 8 વાગ્યે શરૂ થશે,

# EURO-CUP-2024

પ્રતિષ્ઠિત યુરો કપ ફૂટબોલ સ્પર્ધાનો આજથી જર્મનીમાં આરંભ થશે. આ સ્પર્ધા જર્મનીના આંતરરાષ્ટ્રીય કક્ષાના દસ સ્ટેડિયમમાં યોજાશે. સ્પર્ધાની પહેલી મેચમાં જર્મની અને સ્કોટલેન્ડ વચ્ચે ભારતીય સમય મુજબ, સાડા બાર વાગ્યાથી મુકાબલો થશે. આ સ્પર્ધામાં 24 ટીમો ભાગ લઇ રહી છે. જર્મની વર્ષ 2006માં વિશ્વકપ ફૂટબોલ સ્પર્ધા પછી પ્રથમવાર યુરો કપ ફૂટબોલ સ્પર્ધા જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધા યોજી રહ્યું છે.

# CHARDHAM YATRA

ઉત્તરાખંડમાં ચાલુ વર્ષે ચારધામનાં દર્શન કરનારા યાત્રીઓનો આંક 22 લાખ નજીક પહોંચી ગયો છે. દરરોજ આશરે 35 હજાર શ્રધ્ધાળુ ચારધામનાં દર્શન કરવા આવે છે. ધામમાં અત્યાર સુધી પાંચ લાખ 59 હજાર 573થી વધુ શ્રધ્ધાળુ દર્શન કરી ચૂક્યા છે. ત્રણ લાખ 88 હજાર 475 યાત્રીઓએ યમુનોત્રી ધામનાં, 3 લાખ 90 હજાર 690 યાત્રીઓએ ગંગોત્રી ધામનાં દર્શન કર્યા છે. સૌથી વધુ આઠ લાખ 39 હજાર 486 યાત્રીઓએ કેદારનાથનાં દર્શન કર્યા છે.

આરોગ્ય વિભાગે વયોવૃધ્ધ અને બિમાર શ્રધ્ધાળુઓને યાત્રા દરમિયાન સાવચેતી રાખવાની સલાહ આપી છે અને રોકાણ કરતા કરતા ધામ સુધી પહોંચવા જણાવ્યું છે. આરોગ્ય વિભાગે તીર્થ યાત્રીઓની શારિરીક તપાસ માટે વિશેષ વ્યવસ્થા કરી છે, જ્યાં પૂરતી માત્રામાં જીવનરક્ષક દવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

# COAL BLOCK

કેન્દ્ર સરકાર કોલસા ઘટકોના હરાજીના દસમા રાઉન્ડની પ્રક્રિયાનો ટૂંક સમયમાં આરંભ કરાવશે.. હરાજીની આ પ્રક્રિયા 62 કોલસા ઘટકો માટે હાથ ધરાય તેવી સંભાવના છે. કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી.કિશન રેડ્ડી વ્યવસાયિક કોલસા ઘટકોની હરાજીનો પ્રારંભ આવતા સપ્તાહમાં કરાવશે.

કોલસા મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, કોલસા ઘટકોની હરાજીની પ્રક્રિયાનો પ્રધાનમંત્રીએ વર્ષ 2020માં આરંભ કરાવ્યો હતો અને અત્યાર સુધીના નવ રાઉન્ડમાં 107 કોલસા ઘટકોની હરાજીની કામગીરી પૂર્ણ કરાઇ છે. આ પૈકી 11 કોલસા ઘટકો કાર્યરત થયા છે.